મહત્તમ : ૨૬.૮ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૪૭ ટકા

ગાંધીનગર તાપમાન

સે-૩ ન્યુમાં નાગરિકોને ભમરા કરડયા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના સેકટર-૩ ન્યુ ખાતે આવેલ સરકારી દવાખાનાની બાજુમાં આજે સવારના સુમારે અચાનક ભમરા ઉડતા નાસભાગ મચી જવા પામી હતી. આ ભમરાઓએ સેકટરના ૮થી વધુ લોકોને પોતાનો શિકાર બનાવ્યા હતા. ભમરા કરડતા તાત્કાલિક નાગિરકોને સારવાર માટે લઈ જવાયા હતા. જયારે ભમરા ઉડયાનું જાણતા કેટલાક રહીશોએ ઓફિસ, વેપાર-ધંધા માટે જવા પોતાનો માર્ગ પણ બદલી નાંખ્યો હતો. જયારે કેટલાક રહીશો ભમરાને પગલે બપોર સુધી ઘરમાં પુરાઈ રહ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગરના સેકટર-૩ ન્યુના રહેણાંક વિસ્તાર પાસે જ સરકારી દવાખાનું આવેલું છે. જે બંધ હાલતમાં છે. બિસ્માર રહેલા આ દવાખાનામાં ઝેરી જીવજંતુઓ, સરિસૃપો સહિત ખાસ આવન-જાવન ન હોવાથી ભમરાઓએ પણ પોતાનું નિવાસસ્થાન બનાવ્યું હતું. સેકટરનો વાહન વ્યવહાર અને નાગરિકોનો ધસારો સતત આ માર્ગ પર રહેતો હોય છે ત્યારે આજે સવારના નવ વાગ્યાના અરસામાં અચાનક ભમરા ઉડયા હતા. ભમરા ઉડતા જ રહેવાસીઓ દોડતા નજરે પડયા હતા. પરંતુ આ ભમરાઓએ સેકટરના ૮થી વધુ વસાહતીઓને ડંખ માર્યા હતા. જયારે એક બાળકી અને ભાઈને તો ૧૦૮ બોલાવી સિવિલ પણ સારવાર માટે મોકલી આપ્યા હતા. સેકટરમાં નાના-મોટા થઈને અંદાજીત ૮ જેટલા વસાહતીઓને ભમરા કરડવાની વાત વાયુવેગે સેકટરમાં પ્રસરી જતાં સેકટરના રહીશો પણ અચંબામાં પડી ગયા હતા જયારે કેટલાક વસાહતીઓએ ઓફિસ કે વેપાર-ધંધા માટે જતા નાગરિકોએ અન્ય માર્ગે જવાનું પસંદ કર્યું હતું. ભમરા ઉડતા આસપાસના વસાહતીઓએ ઘરના બારી-દરવાજા બંધ કરીને ઘરમાં પુરાઈ રહેવાનું મુનાસિબ માન્યું હતું. ત્યારે સ્થાનિક નાગરિકોનું કહેવું છે કે સરકારી દવાખાનામાં ભમરા, મધ, જીવજંતુઓ સહિત સરિસૃપો રહેતા હોવાથી તંત્ર દ્વારા સાફ સપાઈ થાય તે અત્યંત જરુરી બન્યું છે. સરકારી દવાખાનાની અંદરનો તેમજ બહારનો ભાગ બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યો છે.

@ગાંધીનગર

● આર્ષ શોધ સંસ્થાન દ્વારા હરિ મંદિર અક્ષરધામ ખાતે માનવતાના મર્મજ્ઞ પ્રવચન સાંજે ૪.૩૦ થી ૭.૦૦ કલાક દરમિયાન યોજાશે.

● આર્ટ ઓફ લીવીંગ દ્વારા ત્રિ દિવસિય હેપ્પીનેસ પ્રોગ્રામ સાંજના ૫ થી ૮.૩૦ કલાક દરમિયાન મેઘ મલ્હાર કોમ્પ્લેક્ષના ૮મા માળે યોજાયો.

● જે જે બજાજ કુદરતી ઉપચાર કેન્દ્ર ખાતે તા. ૨૩ થી ૨૫ નિવાસી સર્વ રોગ શિબિર યોજાશે.

● ગાંધી મિત્ર વર્તુળની માસિક બેઠક ૪.૩૦ કલાકે અમૃતભાઈ ત્રિવેદી પ્લોટ નં. ૬૨૯ વાસ્તુનિર્માણ સોસાયટી, સે-૨૨ ખાતે યોજાશે.

વકતૃત્વ સ્પર્ધામાં જે.એમ. ચૌધરી કન્યા શાળાની વિદ્યાર્થીની ઝળકી

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત પ્રાંતિય આર્ય પ્રતિનિધિ સભા આયોજિત વકતૃત્વ સ્પર્ધામાં શ્રી જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સે-૭ ગાંધીનગરની ધોરણ-૭ની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધેલ હતો. સ્પર્ધા અમદાવાદ કાંકરીયા, આર્યસમાજ મંદિર ખાતે યોજાઈ હતી. જેમાં સમગ્ર અમદાવાદ વિસ્તારમાં પટેલ શિવાનીએ દ્વિતિય નંબર પ્રાપ્ત કર્યો હતો. તેને ટ્રોફી પ્રમાણપત્ર અને ૩૦૦ રૂ. આપી સન્માનિત કરવામાં આવી હતી. શાળા પરિવારે તેણીને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે. આ સ્પર્ધામાં ભાગ લીધેલ અન્ય વિદ્યાર્થીનીઓને પણ સંસ્થાએ બિરદાવી હતી.

કોબા પાસેથી વોન્ટેડ બુટલેગર ઝડપાયો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર એલસીબીની ટીમે બાતમીને આધારે ગઈ કાલે કોબા સર્કલ પાસે વૃંદાવન હોલ નજીકથી નભોઈના બુટલેગર વિનોદ મંગાજી ઠાકોરને

દબોચી લીધો છે. આ શખ્સ ઈન્ફોસીટી પોલિસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં નાસતો ફરતો હતો. આરોપીની ધરપકડ કરી ઈન્ફોસીટી પોલીસને સોંપવા તજવીજ શરુ કરી છે.

ચંદ્રાલા જ્યોતિ વિદ્યામંદિર શાળા પાસેથી માનવ કંકાલ મળતા ચકચાર

ચંદ્રાલાની યુવતીના રહસ્યમય મૃત્યુ અંગે એફએસએલ અને બી.જે. મેડીકલ કોલેજની મદદ લેવાશે

ગાંધીનગર, તા.૨૨

ચિલોડા-હિંમતનગર હાઈવેપર આવેલા ચંદ્રાલા ગામમાં જયોતિ વિદ્યામંદિર શાળાના કંપાઉન્ડ વોલ નજીકથી સાફ સફાઈ દરમિયાન આજે બપોરે માનવ કંકાલ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. ઘટનાની જાણ થતા સ્થળ પર દોડી આવેલી પોલિસે તપાસ કરતા બહાર આવ્યું કે આ માનવ કંકાલ ચંદ્રાલા ગામની જ ૨૧ વર્ષીય યુવતી કે જે ચાર મહિનાથી લાપતા છે તેણીનો છે. આ રહસ્યમય ઘટનાથી ગામમાં સન્નાટો છવાઈ ગયો છે.ચિલોડા પોલિસે એફએસએલ અને બી.જે. મેડીકલ કોલેજની મદદ લઈ યુવતીનું કોઝ ઓફ ડેથ બહાર લાવવા અને યુવતિના મૃત્યુ પાછળની રહસ્યમય ઘટના બહાર લાવવા તપાસ તેજ બનાવી છે.

મળતી માહિતી મુજબ આજે બપોરે ચંદ્રાલા ગામની જયોતિ વિદ્યા મંદિર શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા સાફ સફાઈ ઝુંબેશ રાખવામાં આવી હતી. વિદ્યાર્થીઓ શાળાની કંપાઉન્ડ વોલ પાસે વધી ગયેલા ઝાડી ઝાંખરા કાપી

રહ્યા હતા ત્યારે હાડપિંજર મળી આવ્યું હતું. માનવ કંકાલ જોઈને સ્તબ્ધ થઈ ગયેલા વિદ્યાર્થીઓએ શાળાના સાહેબોને વાત કરી અને સાહેબોએ સરપંચને જાણ કરી બોલાવી લીધા હતા. ચિલોડા પોલિસને ઘટના અંગે જાણ થતા પી.આઈ. નિરજ પટેલ તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા. માનવ કંકાલ અને લેડીઝ ડ્રેસ પડેલો જોઈ કોઈ યુવતીનું હાડપિંજર હોવાનો અંદાજ લગાવી પોલિસે તપાસ શરુ કરી...! તો બીજી તરફ ગ્રામજનો સુધી વાત પહોંચતા ટોળું ભેગુ થઈ ગયું હતું. બાજુમાં પડેલો હાથે પહેરવાનો પાટલો જોઈને ગ્રામજનોના ટોળામાંથી એક બુમ આવી કે આ તો મારી દિકરી છે...! ચાર મહિના પહેલા ચંદ્રાલા ગામની ૨૧ વર્ષીય યુવતી કાજલ મંગાજી ઠાકોર અચાનક ઘરેથી લાપતા થઈ ગઈ હતી. પરિવારજનોદ્વારા રાત-દિવસ શોધખોળ કરવામાં આવી. ક્યાંયથી સગડ ન મળતા આખરે ચિલોડા પોલિસને પણ ગુમ થયા અંગે જાણ કરવામાં આવી હતી. ચાર મહિના પહેલા ગુમ થયેલી કાજલનું હાડપિંજર હોવાનું બહાર આવ્યુ છે. કાજલ ગુમ થઈ તે દિવસે જે કપડા પહેર્યા હતા તે કપડા, તેના ગળે પહેરેલો કાળો દોરો, હાથમાં પહેરેલો પાટલો અને બ્રેસલેટ પણ ત્યાં જ પડલા હતા. જેમાંથી કાજલ જ હોવાનું બહાર આવ્યું છે. પોલિસે રહસ્યમય ઘટના અંગે એફએસએલ બોલાવી ઝીણવટભરી તપાસ હાથ ધરી છે. તો બીજી તરફ મૃત્યુનુ કારણ બહાર લાવી રહસ્ય પરથી પડદો ઉઠાવવા બી.જે. મેડીકલ કોલેજની પણ મદદ લઈ સંપુર્ણ વૈજ્ઞાનિક ઢબે તપાસ કરવામાં આવશે.

શ્રી ગુરૂ ગોવિંદસીંગજીની જન્મ જયંતિની ધામધૂમથી ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૨૨

ગુરુ ગોવિંદસીંગજીની ૩૫૧મી જન્મ જયંતિ નિમિત્તે સે-૩૦ ગુરુદ્વારા ખાતે આગામી તા. ૨૫ ડિસેમ્બરના રોજ ભવ્ય ઉજવણી કરવામાં આવશે. સંસ્થાના ઉપપ્રમુખ બી.એસ. રાજપાલે આ અંગે માહિતી આપતા જણાવ્યું છે કે શિખ ધર્મના ૧૦મા ગુરુ ગોવિંદસીંગજીની ૩૫૧મી જન્મજયંતિ નિમિત્તે સેકટર-૩૦ ગુરુદ્વારામાં વિશિષ્ટ ઉજવણી કરવામાં આવશે. તા. ૨૫ અને ૩૧ ડિસેમ્બરના રોજ ભાવિકોને વિવિધ કાર્યક્રમોનો લાભ લેવા જણાવાયું છે. જેમાં ૧૨ સિવિલ હોસ્પિટલની સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝીયોથેરાપીના સહયોગથી નિઃશુલ્ક મોબાઈલ ફિઝીયોથેરાપી કેમ્પ યોજાશે. આ દરમિયાન દર્દીઓને નિદાન અને સારવાર પુરી પાડવામાં આવશે. ગુરુદ્વારા ખાતે તા. ૨૬ તી ૨૯ ડિસેમ્બર દરમિયાન સવારે ૯ થી બપોરે ૩ કલાક દરમિયાન સે-૩૦ ગુરુદ્વારા ખાતે કેમ્પ યોજાશે.

મહર્ષિ અત્રિ વિદ્યાલયમાંની શાળાના બાળકોની વન ડ પિકનીકનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળાના બાળકોએ પાટડી સ્થિત વરર્ણિન્દ્ર ધામ સ્વામીનારાયણ મંદિરની મુલાકાત લીધી હતી તેમજ ભારતીય સંસ્કૃતિનું પ્રદર્શન નિહાળીને બાળકોએ સવિસ્તાર માહિતી મેળવી હતી.

ઈન્દ્રોડા સર્કલથી દારૂ ભરેલી પકડેલી ગાડી પ્રકરણમાં સુત્રધાર ઝડપાયો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર એલસીબીની ટીમે બે મહિના પહેલા ઈન્દ્રોડા સર્કલ પાસેથી ફોકસવેગન વેન્ટો કાર સાથે એક શખ્સને પકડયો હતો. જેમાં વિદેશી દારૂનો જથ્થો ભરેલો હતો. આ ગુનામાં બે મહિનાથી નાસતા ફરતા નરોડાના સુત્રધારને ચોકકસ બાતમી આધારે એલસીબીની ટીમે કુડાસણ પાસેથી દબોચી લઈ ઉંડી પુછપરછ શરુ કરી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહિતની ટીમે ઈન્દ્રોડા સર્કલ પાસથી ૨૨ ઓકટોબરે ૯૬ હજારની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ભરેલી વોકસ વેગન વેન્ટો કાર નં. જીજે ૦૧ કે જે ૧૦૩ને પકડી પાડી હતી. દારૂના જથ્થા સાથે એક શખ્સ પકડાયો હતો. આ ગુનામાં બે મહિનાથી નાસતો ફરતો સાગરિત કાન્તિ ઉર્ફે રોહીત રતિલાલ સેન (રહે.નરોડા) આજે કુડાસણ પાસે ફરતો હોવાની બાતમી આધારે એલસીબીના હાથે ઝડપાઈ ગયો છે. આ આરોપી રીઢો બુટલેગર હોવાનું તપાસમાં ખુલ્યું છે. આ શખ્સ ચિલોડા અને અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના પ્રોહીબીશનના ગુનામાં પણ વોન્ટેડ હોવાનું જાણવા મળ્યું છે.

મોટા બાવન કડવા પાટીદાર સમાજ પ્રગતિ મંડળ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન

ગાંધીનગર, તા.૨૨

શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજ પ્રગતિ મંડળ ગાંધીનગર દ્વારા આગામી તા. ૨૫-૧૨-૧૭ને સોમવારના રોજ બપોરે ૨.૩૦ કલાકેથી ૭.૦૦ કલાક સુધી ઉમા સમાજ ભવન સે-૧૨ ગાંધીનગર ખાતે તેજસ્વી વિદ્યાર્થીઓ માટે ઈનામ વિતરણ અને સ્નેહમિલનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. દરેક સભ્યોને પરિવાર સાથે પધારવા હાર્દિક અનુરોધ કર્યો છે. ભોજન પાસ શકિત કોર્પોરેશન, સે-૧૧, ગાંધીનગર ખાતેથી તા. ૨૪-૧૨-૧૭ સુધી મેળવી લેવા સંસ્થાના અધ્યક્ષ ભોળાભાઈ પટેલે અનુરોધ કર્યો છે.

કચ્છ-મિત્ર મંડળનો સાંસ્કૃતિક કાર્યક્રમ અને સરસ્વતી સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૨

કચ્છ મિત્ર મંડળ ગાંધીનગરનો સાંસ્કૃતિક કાર્યક્રમ અને સરસ્વતી સન્માન સમારોહ તાજેતરમાં સેકટર-૨૩ ખીમજી વિસરામ હોલ ખાતે યોજાયો હતો. જેમાં સમાજની બહેનો અને બાળકોએ વિવિધ અદભુત કૃતિઓ રજુ કરી હતી. જયારે ધોરણ-૧ થી ઉચ્ચ અભ્યાસ સુધી પ્રથમ, દ્વિતિય અને તૃતીય ક્રમે આવનાર વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. જયારે આ વર્ષનો સ્વ. શ્રી એ.બી. મહેતાના સ્મરણાર્થે આપવામાં આવતો આઉટ સ્ટેન્ડીંગ એચીવમેન્ટ કચ્છી ઓફ ધ યરનો એવોર્ડ કુ. દેવાંશી ભાવેશભાઈ પટેલને આપવામાં આવ્યો હતો. સંસ્થાના પ્રમુખ માવજીભાઈ રંગાણી, મંત્રી નિલેન્દુ વોરા, વર્ષાબહેન મહેતા અને નિતિનભાઈ સંઘવીએ દિપ પ્રાગટય કરીને કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. જયારે સંસ્થાના પ્રમુખ માવજીભાઈ રંગાણી, રિધ્ધીશભાઈ જોશી અને સુનીલભાઈ ધોલીના વરદ હસ્તે વિદ્યાર્થીઓને ઈનામો એનાયત કરાયા હતા. આ સમારોહમાં સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે આભારવિધિ નિલેન્દુભાઈ વોરાએ કરી હતી. જયારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન દિપકભાઈ તન્નાએ કર્યુ હતું.

લેકાવાડા પુલ પાસેથી અજાણ્યા પુરુષનો મૃતદેહ મળ્યો

ચિલોડા, તા.૨૨

ગાંધીનગર તાલુકાના ગાંધીનગર-ચિલોડા માર્ગ તરફ જતા સાબરમતી નદીના પુલ લેકાવાડા જંગલ ઝાડીમાંથી દશામા મંદિર નજીકથી આશરે ૩૦ થી ૩૫ વર્ષની ઉંમરના અજાણ્યા પુરુષની કોહવાયેલી લાશ મળી આવી હતી.

આ અજાણ્યા પુરુષે પેન્ટ-શર્ટ પહેરેલું હતું. ચિલોડા પોલિસને જાણ થતાં તુપત ઘટના સ્થળે જઈ તપાસ ચલાવતાં લાશનું મોઢું કોહવાયેલું હોવાથી ઓળખ થઈ શકી નથી. આ મૃત પુરુષનો મૃતદેહ ગાંધીનગર સિવિલ ખાતે કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવ્યો છે. આ અંગે ચિલોડા પોલિસ સ્ટેશનના મહિલા પી.એસ.આઈ. આર.ડી. ડામા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

બીબીએ દ્વારા વ્યક્તિત્વ વિકાસ બાબતે વર્કશોપ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ)ના ૨૫૦ વિદ્યાર્થીઓ માટે તેમની સફળ કારકિર્દીના ઘડતર તેમજ શ્રેષ્ઠ નાગરિક બનવા માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રતિક ચોધરી દ્વારા વિદ્યાર્થીઓને ખુબ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કોલેજ તરફથી પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટીનાં હેડ ડો.જયેશ તન્ના દ્વારા મુખ્ય વક્તાને આવકારવામાં આવ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું.

પ્રતિકભાઈ દ્વારા વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ કારકિર્દીના ઘડતર માટે પહેલા આંતરિક રીતે વ્યક્તિનો વિકાસ થાય તેમજ તે પોતાના ધ્યેયને પામવા કઈ રીતે અગ્રેસર થઈ શકે તે બાબતે તલસ્પર્શી માહિતી આપી હતી.

વિદ્યાર્થીઓએ પોતાની આંતરિક શકિતને ઓળખી મેનેજમેન્ટના કોઈ પણ ક્ષેત્રને પસંદ કરવું જોઈએ વધુમાં તેમણે જણાવ્યું કે મેનેજમેન્ટના તમામ ક્ષેત્રમાં ખુબ ઉજ્જવળ તકો છે. પરંતુ વિદ્યાર્થીને પોતાની રૂચી તેમજ તેની આવડતને આધારે કારકિર્દી ઘડતરનો મહત્વનો નિર્ણય લેવો જોઈએ.

સમગ્ર વર્કશોપનું સફળતાપૂર્વક આયોજન કોલેજનાં આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીનાં હેડ ડો. જયેશ તન્ના, ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

ઈન્દ્રપુરા ગામે ભવ્ય શિવકથા યોજાશે

ગાંધીનગર, તા.૨૨

દેવાધી દેવ મહાદેવજીના ગુણોનું ગાન કરતી અદભુત 'શિવકથા'નું ભવ્ય આયોજન સમસ્ત ઈન્દ્રપુરા ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યું છે. તા. ૨૪-૧૨-૨૦૧૭ રવિવારથી તા. ૩૦-૧૨-૨૦૧૭ શનિવાર સુધી ૭ દિવસ, સમય સવારે ૮.૩૦ થી ૧૧ અને રાત્રે ૮ થી ૧૧ એમ બે ટાઈમ કથા શ્રી મહાકાળી મંદિરના મેદાનમાં ગામ-ઈન્દ્રપુરા- તા. માણસા, જી. ગાંધીનગર ખાતે યુવા કથાકાર ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસ પીઠે યોજાશે. જેથી સૌ ભકતોને આ શિવકથાનો લાભ લેવા સુંદરધામ પરિવાર દ્વારા અનુરોધ કરાયો છે.

અદાણી શાંતિગ્રામ પાસેથી દારૂ લઈને જતા બે શખ્સો પકડાયા

ગાંધીનગર, તા.૨૨

અડાલજ પોલિસ ગઈ રાત્રે પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન અદાણી શાંતિગ્રામ પાસેના કટ નજીકથી બાઈક પર જતા બે શકમંદોને પોલીસે પકડયા હતા. આર.જે.૧૨ એસ.આર. ૪૫૧૭ નંબરના ટીવીએસ વીકટર બાઈક પર જતા આ શખ્સો પાસેથી ચાર બોટલ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. મુળ ડુંગરપુરના અને હાલ થલતેજ ખાતે સિંધુ ભવન વિસ્તારમાં રહેતા મિથુન દિલીપ દરજી અને શૈલેષ ભેરૂલાલ લખના નામના બંને શખ્સોની દારૂની બોટલો સાથે ધરપકડ કરી લઈને વધુ પુછપરછ શરુ કરવામાં આવી છે.

ચિરવિદાય

- સ્વ. ભીખાભાઈ રણછોડભાઈ પટેલ, ઉ.વ. ૬૨
- સ્વ. અપ્પુભાઈ વિષ્ણુભાઈ ઠાકોર, ઉ.વ. ૧૪
- સ્વ. કિર્તિસિંઘ ચંદ્રસિંહ મેવાડ, ઉ.વ. ૫૧
- સ્વ. ખોડાભાઈ સરતાનભાઈ રબારી, ઉ.વ. ૭૦
- સ્વ. ઈચ્છાબેન અંબાલાલ દરજી, ઉ.વ. ૮૯
- સ્વ. મોતીભાઈ શિવાભાઈ આચાર્ય, ઉ.વ. ૭૬
- સ્વ. મદનસિંહ કિશોરસિંહ પરમાર, ઉ.વ. ૪૫